રાજ્યમાં ટ્રાફીક બ્રિગેડના જવાનોને અપાતા
દૈનિક માનદ વેતનમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૧૨/૫૦૩/વ
સચિવાલય, ગાંધીનગર
તા. 12 SEP 2013

વંચાણે લીધો: ગૃહ વિભાગનો તા.૨૭/૭/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦-૨૦૦૬-૪૩૮-વ

ઠરાવ:-

રાજ્યમાં ટ્રાફીક નિયમોના અમલીકરણ માટે વિવિધ શહેરોમાં ટ્રાફીક બ્રિગેડના જવાનોની સેવા લેવામાં આવે છે. શહેરમાં ટ્રાફીક બ્રિગેડમાં કામ કરતા જવાનોને હાલમાં જે દૈનિક માનદ વેતન આપવામાં આવે છે તે વધારવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી પુખ્ત વિચારણાને અંતે ટ્રાફીક બ્રિગેડના જવાનોના દૈનિક માનદ વેતનમાં રાજ્ય સરકારે નીચે મુજબનો વધારો કરવા નિર્ણય કરેલ છે:

| | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|
| દૈનિક માનદ વેતન | રૂ.૮૦/- | રૂ.૧૨૦/- |

૨. ટ્રાફીક બ્રિગેડના જવાનોના દૈનિક માનદ વેતન અંગેનો ખર્ચ 'ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ'માંથી ચૂકવવામાં આવશે.

૩. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતના પોલીસ કમિશ્નરશ્રીઓ હસ્તકના તા.૩૧/૩/૨૦૧૩ના રોજ ઉપલબ્ધ ટ્રાફિક બ્રિગેડની સંખ્યામાં કોઇ વધારો કરવાનો રહેશે નહીં

૪. દરેક પોલીસ જીલ્લામાં ટ્રાફીક નિયમનના હેતુ માટે ૧૦૦ની સંખ્યા સુધીમાં ટ્રાફીક બ્રિગેડના જવાનો રાખી શકાશે.

૫. ટ્રાફીક બ્રિગેડના જવાનોની સેવાઓ માનદ સેવાઓ છે આથી તેઓ રાજ્ય સરકારના કે ગૃહ વિભાગના કર્મચારી ગણાશે નહીં કે તેમનો તે અંગેનો કોઇ હક્ક દાવો ચાલશે નહીં.

૬. આ ઠરાવનો અમલ તા.૧/૭/૨૦૧૩ થી કરવાનો રહેશે.

(P.T.O.)

૭. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૬/૬/૨૦૧૩ ના રોજની તેમજ સરકારશ્રીની તા.૭/૬/૨૦૧૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.આર.ભમ્મર)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી.
- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ), ગુ.રા., ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, કાયદો અને વ્યવસ્થા, ગુ.રા., ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), ગુ.રા., ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર, અમદાવાદ.
- પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ.
- બધા જ રેન્જના મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ.
- બધા જ જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ (નવા જીલ્લાઓ સહિત).
- વિભાગના તમામ સંયુક્ત સચિવશ્રી/ના.સ.શ્રી.
- ૧ ~~વિભાગની~~ આઇ.ટી.શાખા આ ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીલેકટ ફાઇલ